**ટ્રાન્સપોર્ટ સેકશન**
**સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી**
**<u>સરદારકૃષિનગર–૩૮૫ ૫૦૬</u>**

ડૉ.બી.એસ.પરમાર
યુનિટ હેડ, ટ્રાન્સપોર્ટ સેકશન

કચેરી :– ૦૨૭૪૮ ૨૭૮૨૩૬
email : - transport@sdau.edu.in

વંચાણે : ટ્રાન્સપોર્ટ કમીટીની તા.૨૧.૧૨.૨૦૧૭નાં રોજ મળેલ બેઠકની કાર્યનોંધ

## – :: પરિપત્ર ::–

સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર ખાતે ફરજ બજાવતા અને પાલનપુર / ડીસા / ચંડીસર/વાઘરોલથી અપડાઉન કરતાં સર્વે અધિકારીશ્રીઓ / કર્મચારીશ્રીઓ / શ્રમયોગીઓ / કામદારોને પેઈડ બસ પાસ તા.૧.૧.૨૦૧૮ની અસરથી નીચે મુજબના દરે ઈસ્યુ કરવાના થાય છે.

| ક્રમ | કર્મચારીઓ | પાસના દર પ્રતિમાસ રૂા. | |
|---|---|---|---|
| | | પાલનપુર / ડીસા–સરદારકૃષિનગર | ચંડીસર / વાઘરોલ –સરદારકૃષિનગર |
| ૧ | નિયમિત પગાર–ધોરણ / નિમણુંક ધરાવતા કર્મચારી/ અધિકારી | ૧૦૦૦/– | ૫૦૦/– |
| ૨ | પ્રવાસી શિક્ષક, કરારીત, ફીકસ પગાર, દૈનિક દર તથા એજન્સી મારફત રોકવામાં આવતાં કામદાર / કર્મચારીઓ | ૭૫૦/– | ૩૭૫/– |

ઉપરોકત મુજબ પાસ ઈસ્યુ કરવા માટે દરેક પાસધારકે નિયત ફોર્મ ભરી કચેરી મારફત અરજી કરવાની રહે છે. સદર કામગીરી માટે પાસ ધારકોનો સમય ન વેડફાય અને કામગીરી સરળતાથી થાય તે હેતુથી જે તે કચેરીના વડાશ્રીએ કર્મચારીઓના અરજી ફોર્મ (તાજેતરના પાસપોર્ટ સાઈઝના ફોટા સાથે ) અને જુના પાસ એકત્ર કરી તા.૧૦.૧.૨૦૧૮ સુધીમાં અત્રેની કચેરીમાં રજુ કરવાના રહે છે. અત્રેની કચેરી ધ્વારા પાસ તૈયાર કરી જે તે કચેરીને મોકલી આપવામાં આવશે. નિયત સમય મર્યાદામાં પાસ ન મેળવનાર અધિકારીશ્રીઓ/ કર્મચારીશ્રીઓ/ શ્રમયોગીઓ /કામદારોએ નિયમોનુંસાર તા.૨૦.૧.૨૦૧૮ થી ટીકીટ લઈને મુસાફરી કરવાની રહેશે. જેની ખાસ નોંધ લેવી.

સદરપેઈડપાસની માંગણી કરનાર કર્મચારીના ટ્રાન્સપોર્ટેશન ચાર્જની માસિક કપાત પે–રોલ સિસ્ટમમાં અધર ડીડકશનમાં કરવી અને તેનું શિડયુલ ૦૩ નકલમાં પગાર બીલ સાથે સામેલ રાખવાનુ તથા એક નકલ ટ્રાન્સપોર્ટ સેકશનને મોકલી આપવાની રહેશે. પેઈડ પાસનો અમલ તા.૧.૧.૨૦૧૮ની અસરથી કરવાનો થતો હોઈ સંબંધિત કર્મચારીના ટ્રાન્સપોર્ટ ચાર્જની કપાત જાન્યુઆરી માસના પગારબીલમાંથી કરવા સંબંધિત કચેરીના યુનિટ વડાશ્રીએ કાર્યવાહી કરવાની રહેશે.

વધુમાં જણાવવાનું કે જે કર્મચારી / અધિકારી / કામદારો એ વર્ષ–૨૦૧૭ માં પાસ મેળવેલ હોય અને વર્ષ–૨૦૧૮ માટે પેઈડ પાસ લેવા ઈચ્છુક ન હોય તેઓએ તેમની કચેરીના યુનિટ વડા મારફત તા.૧૦.૧.૨૦૧૮ સુધીમાં અત્રેની કચેરીએ અલગથી જાણ કરી દેવાની રહેશે. અન્યથા જાન્યુઆરી માસના ભાડા પેટે રૂા.૧૦૦૦/– ફરજીયાત વસુલ કરવામાં આવશે.

સદર પરિપત્ર માન.કુલપતિશ્રીએ આપેલ મંજુરી અનુસાર બહાર પાડવામાં આવે છે.

સામેલ :– પાસ માટેના નિયત ફોર્મની નકલ.

**યુનિટ હેડ**
**ટ્રાન્સપોર્ટ સેકશન**

જા.નં.સદાંકૃયુ/ટ્રાન્સપોર્ટ/ટે.૪/ ૨૧૮૨–૨૨૦૯/૨૦૧૭
તારીખ: ૨૮ . ૧૨ . ૨૦૧૭

**<u>નકલ સવિનય રવાના</u> :–**

૧) સરદારકૃષિનગર ખાતેના સર્વે યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ જરૂરી થવા સારૂ.
૨) હિસાબ નિયામકશ્રી, સ.દાં.કૃ.યુ.,સરદારકૃષિનગર તરફ જાણ તથાકર્મચારીઓની માસિક કપાત બાબતે ઘટતી કાર્યવાહી કરવા વિનંતી.
3) માન.કુલપતિશ્રી / કુલસચિવશ્રીના રહસ્ય સચિવશ્રી,સ.દાં.કૃ.યુ.,સરદારકૃષિનગર તરફ જાણ સારૂ

# કર્મચારી માટે બસ પાસ લેવાની અરજી (વર્ષઃ૨૦૧૮)

નિયમિત પગારધોરણ(નિમણુંક) / પ્રવાસી શિક્ષક, કરારીત, ફીકસ પગાર ,એજન્સી મારફત રોકેલ કામદાર/ દૈનિક દર/ શ્રમયોગી (લાગુ પડતુ હોય ત્યા ટીક કરવું.)

**( ગુજરાતીમાં ભરવું )**

**પુરૂનામઃ..............................................................**

**હોદ્દો :....................................**

તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો એક ફોટો ચોંટાડવો (બીજો ફોટો ફોર્મ સાથે રાખવો)

પ્રતિ,
યુનિટ હેડશ્રી,
ટ્રાન્સપોર્ટ સેકશન,
સ.દાં.કૃષિ યુનિ.,સરદારકૃષિનગર

સાહેબશ્રી,

હું નીચે સહી કરનાર આથી વિનંતી કરૂ છુ કે, સરદારકૃષિનગર ખાતે હું નોકરી / સેવા ના હેતુસર પાલનપુર / ડીસા / ચંડીસર / વાઘરોલ ખાતેથી આવું છું. મારા રહેઠાણનું સરનામું નીચે મુજબ છે.

**સરનામું :...............................................................................**

**મોબાઈલ નંબર.................................................**

વધુમાં જણાવું છું કે, સરદાર કૃષિનગર ખાતેના રહેણાંકમાં કોઈની સાથે અગર તો કોઈના મકાનમાં રહેતો નથી. મારે નીચેના સમયની બસમાં મુસાફરી કરવી પડે છે.

| **<u>પાલનપુરથી ઉપડતી બસનો સમય</u>** | **<u>સરદારકૃષિનગરથી ઉપડતી બસનો સમય</u>** |
|---|---|
| .................. કલાકે | .................. કલાકે |

ઉપરોકત માહિતી મે સત્ય રજુ કરેલ છે. તેમાં કોઈપણ ઉણપ કે ખામી આપશ્રીની કચેરીને જણાય તો મારો બસ પાસ રદ્દ કરી જે શિક્ષા કરશો તે મને માન્ય રહેશે તથા બદલી થતાં અથવા સરદારકૃષિનગરમાં રહેણાંક મકાન ફાળવતાં હું મારો બસ પાસ જમાં કરાવીશ. સદર પાસ મેળવવા માટે નિયમોનુસાર રૂ............ પગારબીલમાંથી કપાત કરવા સંમતિ આપેલ છે.

અરજદારની સહી

( નામ : )

ઉપરોકત હકીકત મારા જાણવા પ્રમાણે બરાબર છે, મેં ચકાસણી કરી છે. તો સદરહું કર્મચારીને હું બસ પાસ આપવા ભલામણ કરૂ છુ.

ઉપરોકત કર્મચારીની નિમણુંક બઢતી / બદલીથી થયેલ છે. ઓર્ડર નંબર / તારીખ લખવી. કરારીત / રોજમદાર હોય તો જે તારીખ સુધી ફરજ ઉપર ચાલુ રાખવાના હોય તે તારીખ દર્શાવવી.

યુનિટ /કચેરી અધિકારીની
સહી /સીકકા

<u>ટ્રાન્સપોર્ટ કચેરીના ઉપયોગ સારૂ</u>

વિભાગના ટેબલ–૪ તરફ નિયમોનુસાર ઉપરોકત કર્મચારીને બસપાસ આપશો.

**યુનિટ હેડ,**
**ટ્રાન્સપોર્ટ સેકશન**
**સ.દાં.કૃ.યુ.,સરદારકૃષિનગર**